**અમદાવાદ (ગ્રામ્ય) મહે. પાંચમા જયુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**
**મુ. અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં.** 7320/06

ફરીયાદી :- શ્રી સરકાર.

વિરુઘ્ઘ.

આરોપી :- [handwritten name]

ક્રિમીનલ પ્રો.કોડની કલમ-૩૨૧ મુજબ આઈ.પી.સી.ની કલમ-
પરવાનગી અરજી.

શ્રી સરકાર તરફે અમો એ.પી.પી.શ્રી ની નામદાર કોર્ટને નમ્ર અરજ છે કે, સદર કેસ ડોરમેન્ટ ફાઈલ ઉપર ચાલી રહેલ હતો અને સદર કેસ અમોએ તપાસણી કર્યા બાદ સદર કેસ વિડ્રો થવા પાત્ર હોવાનો અમારો અભિપ્રાય હોય, તે કેસ પરત ખેંચવા બાબતે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી તરફ થી પત્ર ક્રમાંક નં.ડીસી/એડીએમ/રૂરલ કોર્ટ/ડોરમેટ કેસ પરત/૨૦૨૩, તા.૦૬/૦૯/૨૦૨૩ ના હુકમ થી સદર કેસ પરત ખેંચવાનો હુકમ થયેલ છે જે અનુસાર આ કેસ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૧ મુજબ પરત ખેંચવા પરવાનગી આપવા મહે. કરશોજી.

તા.૦૯/૦૯/૨૦૨૩
અમદાવાદ

(એ.એસ.નાયક)
એ.પી.પી.

**-:હુકમ:-**

પરવાનગી અરજી અને ડોર્મેટ ઉપરના કેસ પરત ખેંચવા બાબતેનો ઉપરોકત અરજીની સાથે મુખ્ય જીલ્લા ન્યાયાધીશશ્રી ના પત્ર **ક્રમાંક નં.**૪૮૮/૨૦૨૩, તા.૦૮/૦૯/૨૦૨૩ વાળો હુકમ વંચાણે લીધો, કેસનું સમગ્ર રેકર્ડ વંચાણે લેતા તથા આરોપી વિરુઘ્ઘના આક્ષેપો, ગુનાહ ની ગંભીરતા અને આક્ષેપો સેસન્સ ટ્રાયબલ ન હોય તથા કેસની હકીકત ઘ્યાને લેતાં, આ કેસ જુનો અને આરોપી મળી ન આવતા હોવાથી કેસ ડેડ-વુડ બનેલ છે. જેથી સદર કેસ ક્રિમીનલ પ્રો. કોડની કલમ-૩૨૧ હેઠળ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે તથા તે મુજબ હાલનો આ કેસ ફૈંસલ કરવામાં આવે છે. આ હુકમ ની અસર આંક-૧ તળે પણ કરવામાં આવેલ છે.

તથા સદર કેસ આરોપી ઘણાં લાંબા સમયથી મળી આવેલ ન હોય અને ભવિષ્યના ટુંકાગાળામાં મળી આવે તેવી કોઈ શકયતા જણાઈ આવતી ન હોય, જેથી સદર કેસ પરત ખેંચાતો હોય, જેથી સદર આરોપી ભવિષ્યમાં મળી આવે તો ત.ક.અ. તે આરોપી વિરુઘ્ઘ ઘોરણસરની કાર્યવાહી કરી શકશે અને તે બાબતે સી.આર.પી.સી.કલમ-૩૦૦(૫) અન્વયે કોઈ બાઘ નડશે નહી અને તે આરોપી વિરુઘ્ઘ ઘોરણસર ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાશે.

અપીલ સમય બાદ જો કિંમતી મુદ્દામાલનો કલેઈમ થયેલ ના હોય તો સરકાર શ્રી ખાતે જમા કરવો. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

Add. Civil Judge & JMFC.
Ahmedabad (R.) Mirzapur